**પીપલ ભાસ્કર** અનિલ અગ્રવાલ  | વેદાન્તા ગ્રૂપના સ્થાપક અને અધ્યક્ષ

# અનિલની 'મેટલ કિંગ' કંપની વોરેન બફેટની કંપની કરતાં વધુ નફો આપે છે, 20 દેશમાં વેપાર

**ચર્ચામાં કેમ:** વેદાન્તાની ડીમર્જર યોજના 2025 માટે કંપનીને નેશનલ કંપની લૉ અપિલેટ ટ્રિબ્યુનલમાં મોટી રાહત મળી છે.

1973નું વર્ષ હતું. 19 વર્ષની ઉંમર હતી. હાથમાં ટિફિન બોક્સ અને એક પથારી લઈને તેઓ પટનાથી મુંબઈ પહોંચ્યા. પહેલી વાર મુંબઈની કાળી-પીળી ટેક્સીઓ અને ડબલ-ડેકર બસો જોઈ. પણ તેમની આંખોમાં મોટા સ્વપ્નો હતા. આથી તેમણે વ્યવસાય માટે પ્રયાસ શરૂ કર્યો. જોકે, શરૂઆતનો સંઘર્ષ એટલો બધો હતો કે, 10માંથી 9 વ્યવસાય નિષ્ફળ ગયા. પરંતુ દસમા પ્રયાસમાં તેમને મોટી સફળતા મળી. આ વ્યક્તિ અનિલ અગ્રવાલ છે, વેદાન્ત ગ્રૂપના સ્થાપક. જેમને આજે દુનિયા 'મેટલ કિંગ' તરીકે ઓળખે છે. તેઓ 19 વર્ષની ઉંમરે ભંગારના વેપારી બન્યા હતા. 1976માં 22 વર્ષની ઉંમરે તેમણે મિત્રો અને સંબંધીઓ પાસેથી થોડા પૈસા ઉધાર લીધા અને બેંકમાંથી લોન લીધી. લગભગ રૂ. 16 લાખમાં શમશેર સ્ટર્લિંગ કોર્પોરેશન ખરીદી. આ કંપની એનામેલ્ડ તાંબુ બનાવતી હતી. આ પછી તેમણે 1986માં સ્ટરલાઇટ ઇન્ડસ્ટ્રીઝની સ્થાપના કરી. તે ભારતની પ્રથમ ખાનગી ટેલિકોમ કેબલ કંપની હતી, પરંતુ વાસ્તવિક છલાંગ ત્યારે લાગી જ્યારે તેમણે બાલ્કો અને હિન્દુસ્તાન ઝિન્ક જેવી ખોટ કરતી સરકારી કંપનીઓ ખરીદી અને તેમની કાયાપલટ કરી નાખી. 2003માં તેમણે લંડનમાં વેદાન્ત રિસોર્સિસની સ્થાપના કરી. જે ફાઇનાન્સિયલ ટાઇમ્સ સ્ટોક એક્સચેન્જ - 100 પર લિસ્ટેડ થનારી પ્રથમ ભારતીય મૂળની કંપની બની. આજે વેદાન્ત ભારત સહિત 20થી વધુ દેશોમાં હાજરી ધરાવે છે.



**જન્મ:** 1 ઓક્ટોબર 1954 (71 વર્ષ), પટના

**શિક્ષણ:** મિલર હાઈસ્કૂલ પટનામાં શાળાકીય શિક્ષણ

**પરિવાર:** પત્ની- કિરણ અગ્રવાલ, બે બાળકો- પુત્ર અગ્નિવેશ અને પુત્રી પ્રિયા

**સંપત્તિ:** 38,468 કરોડ રૂપિયા (ફોર્બ્સના અનુસાર અનિલ અગ્રવાલ અને તેમના પરિવારની કુલ સંપત્તિ)

**2008**માં અર્ન્સ્ટ એન્ડ યંગે એન્ટરપ્રેન્યોર ઓફ ધ યરનો એવોર્ડ આપ્યો હતો

**2021**માં ગિવિંગ પ્લેજ પર હસ્તાક્ષર કર્યા, પોતાની સંપત્તિના 75 ટકા દાન આપવાની જાહેરાત કરી ચૂક્યા છે.

## દલાલ સ્ટ્રીટના જાદુગર: રૂ.1000 કરોડના 70 હજાર કરોડ બનાવ્યા

વર્ષ 2002માં વેદાન્ત (જે તે સમયે સ્ટરલાઇટ ઇન્ડસ્ટ્રીઝ તરીકે કાર્યરત હતી), તેણે હિન્દુસ્તાન ઝિન્કમાં 26% હિસ્સો ખરીદ્યો. કંપનીએ હિન્દુસ્તાન ઝિન્ક માટે પ્રતિ શેર રૂ.40.5નીસૌથી ઊંચી બોલી લગાવી હતી. તે જ વર્ષના એપ્રિલમાં કંપનીએ ઓપન ઓફર દ્વારા રૂ.35 પ્રતિ શેરના ભાવે વધુ 20% હિસ્સો ખરીદ્યો. નવેમ્બર 2003માં વેદાન્તે કોલ ઓપ્શનનો ઉપયોગ કરીને વધારાનો 18.92% હિસ્સો મેળવ્યો, જેનાથી હિન્દુસ્તાન ઝિન્કમાં તેનો કુલ હિસ્સો 64.92% થઈ ગયો. એપ્રિલ 2000 અને નવેમ્બર 2003 વચ્ચે વેદાન્તે હિન્દુસ્તાન ઝિન્કમાં 64.92% હિસ્સો મેળવવા માટે લગભગ રૂ.1000 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું અને બે દાયકામાં આ રૂ.1000 કરોડ વધીને રૂ.70 હજાર કરોડ થઈ ગયા. આ પ્રદર્શન વોરેન બફેટની કંપની બર્કશાયર હેથવે કરતાં પણ વધુ સારું છે.

## પરિવાર: પિતા એલ્યુમિનિયમ કન્ડક્ટરનો નાનકડો વ્યવસાય ચલાવતા હતા

અનિલ અગ્રવાલનો જન્મ બિહારના પટના શહેરમાં એક મધ્યમ વર્ગના મારવાડી પરિવારમાં થયો હતો. પિતા દ્વારકા પ્રસાદ અગ્રવાલ એલ્યુમિનિયમ કંડક્ટરનો નાનો વ્યવસાય ચલાવતા હતા. બાળપણથી જ અનિલમાં વ્યવસાયની ભાવના હતી. શાળાકીય શિક્ષણ પછી ઉચ્ચ શિક્ષણને બદલે તેમણે 15 વર્ષની ઉંમરે પિતાને વ્યવસાયમાં મદદ કરવાનું શરૂ કર્યું હતું. માત્ર 19 વર્ષની ઉંમરે તેઓ તકોની શોધમાં મુંબઈ પહોંચ્યા. અનિલ અગ્રવાલના લગ્ન કિરણ અગ્રવાલ સાથે થયા છે. તેમને બે બાળકો છે - પુત્ર અગ્નિવેશ અગ્રવાલ અને પુત્રી પ્રિયા અગ્રવાલ. પ્રિયા હવે વેદાન્ત ગ્રુપની આગામી પેઢીના પ્રતિનિધિ તરીકે ઘણા પ્રોજેક્ટ્સમાં સક્રિય ભૂમિકા ભજવી રહી છે.

**રોચક:** વેદાન્તાની બેઠકોમાં તેઓ આજે પણ અનેક જુનિયર કર્મચારીઓને નામથી બોલાવે છે

## જુસ્સો: રાત્રે એકલા બાલ્કોમાં નિરીક્ષણ કરવા પહોંચી ગયા હતા

- તેઓ અનેક જુનિયર કર્મચારીઓને નામથી જાણે છે- અનિલ કહે છે, દરેક વ્યક્તિ મારી ટીમ નહીં મારો પરિવાર છે.
- અધિગ્રહણથી પહેલા 'બાલ્કો' બાબતે તેમને શંકા હતી. એટલે કોઈને પણ જણાવ્યા વગર તેઓ રાત્રે છત્તીસગઢની ફેક્ટરીનું નિરીક્ષણ કરવા પહોંચી ગયા હતા.

## સિદ્ધિ: 20 દેશોમાં વેપાર, રૂ.1.80 લાખ કરોડની કંપની

- 2020માં તેમણે સીએસઆર હેઠળ લગભગ રૂ.8500 કરોડ ભારતના સામાજિક વિકાસ પાછળ ખર્ચ કરવાની ઘોષણા કરી હતી.
- આજે દુનિયાના 20થી વધુ દેશોમાં તેમનો વેપાર છે. તેઓ રૂ.1.80 લાખ કરોડથી વધુની માર્કેટ વેલ્યુ ધરાવતી કંપની બનાવી ચૂક્યા છે.

## ખાસ: શિક્ષણ અને સામાજિક કાર્યોમાં દાનનો સંકલ્પ

- 2024માં વેદાન્તા ગ્રૂપે રાજસ્થાનમાં રૂ.1 લાખ કરોડના રોકાણની જાહેરાત કરી હતી. જેમાં રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ સામેલ છે.
- અનિલ અગ્રવાલે પોતાની સંપત્તિના 75 ટકા દાન આપવાનો સંકલ્પ લીધો છે, જે લગભગ રૂ.21,000 કરોડ છે. આ રકમ શૈક્ષણિક અને સામાજિક કાર્યોમાં ખર્ચ કરાશે.